# ૬. વિશ્વાસનું વાવેતર

**પન્નાલાલ પટેલ**

૭ મે, ૧૯૧૨ના રોજ રાજસ્થાનમાં આવેલા ડુંગરપુર જિલ્લાના માંડલી ગામમાં તેમનો જન્મ થયો હતો. ઈડરની શાળામાં તેમણે ચાર ધોરણ સુધીનો જ અભ્યાસ કર્યો હતો. તેમણે ૬૧ નવલકથાઓ, ૨૬ ટૂંકી વાર્તાના સંગ્રહો અને અન્ય સર્જન પણ કર્યું છે. તેમનું મોટા ભાગનું લખાણ ઉત્તર-ગુજરાતના સાબરકાંઠા જિલ્લાની તળપદી ભાષામાં લખાયું છે. તેમની નોંધપાત્ર કૃતિઓમાં 'માનવીની ભવાઈ', 'વળામણાં', 'મળેલાં જીવ' જેવી નવલકથા અને 'પન્નાલાલ પટેલની શ્રેષ્ઠ વાર્તાઓના સંગ્રહ'નો સમાવેશ થાય છે. તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક અને સાહિત્યનું સર્વોચ્ચ પુરસ્કાર જ્ઞાનપીઠ એવૉર્ડનું સન્માન મળ્યું છે. ૬ એપ્રિલ, ૧૯૮૯માં અમદાવાદમાં તેમનું અવસાન થયું હતું.

**સૂર કૃતિનો**

પ્રસ્તુત કૃતિમાં વિશ્વાસનું બીજ રોપવાની વાત જીવનના રોજિંદા પ્રસંગના ઉદાહરણ દ્વારા માર્મિક રીતે સૂચવવામાં આવી છે. શાળામાં આવેલા અતિથિ-સંત બાળકોને પોતાના જીવનનો પ્રસંગ કહે છે. તેની ભાવવાહી શૈલીમાં આપણે આપણી જાતને અનુભવી શકીએ છીએ. પિતાનું, માતાનું, સંતનું કે પછી નંદાનું દરેક પાત્ર સમાજના સામાન્ય વર્ગને આબેહૂબ રીતે રજૂ કરે છે. પિતા બાળકોને ઉત્તમ નાગરિક બનાવવાના શ્રેષ્ઠ પ્રયત્ન કરે છે તો માતા સામાન્ય ગૃહિણી તરીકે સંતાનોનો યોગ્ય રીતે ઉછેર કરી સંસ્કારના બીજ રોપે છે. સંતનું પાત્ર પિતાની સાથેની વાતચીતમાં ઉપસી આવે છે. તો તદ્દન ભોળી, માસૂમ અને નિખાલસ નંદાનું પાત્ર સૌ કોઈને સ્પર્શી જાય છે.

નંદા પિતા પાસે પોતાની ટિકિટના પૈસા પોતાને જ આપવાની વાત કરે છે ત્યારે પિતા પોતાના પુત્રને માત્ર એક જ વાક્યમાં જે ટકોર કરે છે તે આપણે સૌએ સમજવાની જરૂર છે. કે 'જગતમાં અવિશ્વાસના બીજ ન વાવવા માટે 'સત્ય'ને વળગી રહેવું જરૂરી છે'.

અમારી શાળામાં એક સંત માણસનો આજે વાર્તાલાપ હતો. સમય થતાં હું મારા વર્ગનાં બાળકોને પ્રાર્થના-મંદિરમાં લઈ ગયો. પાંચેક મિનિટ થઈ હશે ને આચાર્યશ્રી મહેમાન સાથે આવી પહોંચ્યા.

આચાર્યશ્રીએ મહેમાનની ટૂંકી ઓળખાણ આપી પછી એ મહેમાન ઊભા થયા અને કહેવા લાગ્યા :

પ્યારાં બાળકો,

જ્યારે જ્યારે તમારા જેવાં બાળકો આગળ બોલવાનું આવે છે ત્યારે મારા બચપણનો એક પ્રસંગ યાદ આવતોકને ઊભો રહે છે.

એ વખતે મારી ઉંમર અગિયાર-બારની હતી. મારા પિતા એક સારાં કેળવણીકાર હતાં. અમે લોકો મુંબઈના એક પરામાં રહેતાં હતાં.

મારે એક ચાર-પાંચ વર્ષની નંદા નામે બહેન હતી. અમને બેઉને જોડેના પરામાં બાપુજીના એક મિત્રની સંસ્થામાં ભણવા માટે મૂક્યાં હતાં. નંદાનું બાલમંદિર પણ મારી શાળા ભેગું જ હતું. એટલે હું તથા નંદા બસમાં સાથે જતાં ને સાથે જ પાછાં આવતાં.

આમ તો જો કે, બસભાડું તથા વાપરવાના પૈસા બા જ મને આપતાં. પણ એ દિવસે બા બહારગામ ગયાં હતાં. એટલે હું તથા નંદા ખભે બસ્તા ભરાવી બાપુજી પાસે પૈસા માગવા ગયાં. મેં કહ્યું : 'લાવો બાપુજી, પૈસા.'

'શું ?' કહેતાં બાપુજીએ ટેબલ ઉપર મૂકેલા એક મોટા પુસ્તકમાંથી નજર ઉઠાવી ચશ્મા કાઢી આંખો ચોળી, જાણે કોઈ ઓરડામાંથી બહાર આવીને જોતા હોય તેમ અમારી સામે જોયું. હસીને પૂછ્યું : 'કેમ બેટા, શું છે ?'

મેં કહ્યું : 'લાવો ત્રણ આના.'

'કેમ ત્રણ આના ?'

'કેમ તે – બે આના મારા જતા-વળતાના, ને એક આનો ચવાણાનો !'

'ને નંદાને ?'

બાપુજીના આ અજાણપણા ઉપર મને હસવું આવ્યું : 'હા... હા... નંદાને શું વળી ?'

'કેમ ? એને નાસ્તાના નહિ, પણ બસના તો ખરા ને ?'

વળી પાછું મને હસવું આવ્યું : નંદાને બાલમંદિર તરફથી નાસ્તો મળતો હતો એ બાપુજી જાણતા હતા, પણ એનું બસભાડું નથી પડતું એ વાતની એમને એક વર્ષ થવા આવ્યું તોય ખબર ન હતી ! મેં કહ્યું : 'એની ક્યાં ટિકિટ પડે છે, બાપુજી ?'

બાપુજીને કાં તો થયું હશે : કાયદો બદલાઈ ગયો કે શું ? નવાઈ પામતાં બોલ્યા : 'કેમ ? ચાર-સાડાચાર વર્ષના બાળકની અડધી ટિકિટ કેમ નહિ ?'

'અરે, પણ કંડક્ટર જ નથી માગતો ને ?'

બાપુજીએ બાજુની ભીંતે ભેરવેલા પહેરણમાંથી પાકીટ કાઢતાં કહ્યું :'એ ન માગે તોય આપણે સામેથી આપવું. એ શું જાણે કે આની ઉંમર ત્રણ વર્ષ કરતાં વધારે છે ?'

બસ ચૂકી જવાની બીકને લીધે મેં બોલ્યા-ચાલ્યા વગર પાંચ આના લઈને ખિસ્સામાં મૂક્યા, ને નંદાને આગળ કરી ચાલતો થયો.

મને હતું કે બે દિવસ પછી બા આવશે ત્યારે એને નંદાની ટિકિટના પૈસા આપતાં, બાપુજીએ આ પૈસા બઝાડ્યા છે એની ગમ્મતભરી વાત કરીશ.


પણ બસમાં બેઠો ત્યાં જ નંદાએ એની લૂલી હલાવવી શરૂ કરી : 'ભાઈ, મારી ટિકિટ મને આપજે.'

ટિકિટો આપતો કંડક્ટર બાજુમાં આવ્યો ત્યાં વળી બોલી ઊઠી : 'ભાઈ, લઈ લે ને આપણી ટિકિટો !'

મને એના ઉપર એવી તો ચીઢ ચડી ! પણ બસની અંદર એને દબડાવવા જાઉં તો ઊલટાની વાત ફૂટી જાય. ને મેં એને પટાવી : 'જો, હમણાં તું ચૂપચાપ બેસી રહે. નીચે ઊતરીને હું તને...'

ને પછી કંડક્ટર પાસેથી મારી એકલાની ટિકિટ લઈ નંદાને એ આપી રાખી, 'લે, રાખ તારી પાસે.'

'પણ તારી ?'



મેં એના કાનમાં કહ્યું : 'હમણાં ચૂપ બેસ. પછી નીચે ઊતરીને તને ગમ્મતની વાત કરીશ.'

ને નંદા બિચારી ચુમાઈને બેસી રહી.

પણ નીચે ઉતરતાં વળી એણે વાત ઉપાડી : 'ભાઈ, બાપુજીએ તો આપણા બેઉની ટિકિટ લેવાનું કહ્યું હતું ને?... ત્યારે તેં એક જ કેમ લીધી ?'

'આ બચેલા પૈસાની આપણે ચોકલેટ લઈશું.' આમ કહીને મેં એને સમજાવવાનો પ્રયત્ન કર્યો.

પણ નંદા ન માની. એને તો ચોકલેટ કરતાં પોતાના હાથમાં ટિકિટ આવે, ને તેય પાછી પોતાના નામની, એ વાતનો વધારે રસ હતો. અને મેં, શાળાનો દરવાજો આવતાં હાલ તુરત એને શાંત કરી : 'ઠીક છે, જતી વખતે લઈશું...'

ને જતી વખતે વળી પાછો નંદાએ, બસમાં બેસતાંની સાથે એનો ટકટકારો શરૂ કરી દીધો : 'ભાઈ, લે જે હાં ટિકિટ !... મને આપજે હાં, ભાઈ...'

ને કંડક્ટર આવ્યો ત્યારે તો એણે, મને જાણે કાનમાં કહેતી હોય તેમ, ધીમે બોલતાં આંગળીઓ પણ ખોસવા માંડી : 'લે ને ભાઈ; ભાઈ, બે લેજે, હાં !'

પણ જ્યારે મેં એક જ ટિકિટ લીધી ત્યારે તો એ એટલી બધી નિરાશ થઈ ગઈ ! અરે રડવા આડે એક આંસુ આવવાં જ બાકી હતાં. આ વખતે તો મારી ટિકિટ પણ એણે ન લીધી, મેં એના હાથમાં થમાવી તો એણે મારા ખોળામાં પાછી ફેંકી દીધી.

ને ઘેર જતાંમાં જ એણે ઑફિસમાંથી હમણાં જ આવેલા બાપુજીને ફરિયાદ કરી : 'ભાઈએ તો, બાપુજી, મારી ટિકિટ લીધી જ નો'તી.' આ વખતે તો એની આંખમાં આંસુ પણ આવી ગયાં.

બાપુજીએ પ્રેમપૂર્વક અમને બેઉને સામે બેસાડ્યાં ને પછી આખીય વાત અમારી પાસેથી જાણી લીધી.

શા માટે મેં ટિકિટ ન લીધી એનું કારણ અત્યાર સુધી મેં ગોઠવી દીધું હતું; કહ્યું : 'ટિકિટ તો લેત પણ પછી બા આવે ને નંદાની ટિકિટના પૈસા ન આપે તો ?'

મારો ભય અર્થ વગરનો છે એમ બાપુજીએ કહ્યું. એટલે પછી એમના કરતાં હું જાણે વધારે ડાહ્યો હોઉં એ જાતની મેં બીજી વાત કરી : 'કંડક્ટર માગે નહિ, પછી આપણે સામે જઈને શું કામ આપવા?... બાએ પણ આમ જ કહી રાખ્યું છે કે માગે તો કે'જે કે, કાલથી લઈ આવીશ.'

પણ બાપુજીએ તો મારી આ હોંશિયારીની વાત જાણે કાને જ ન ધરી, સાટે એમણે મને લાંબીચોડી શિખામણ આપી, જેનો સાર કાઢીએ તો આમ કહેવાય : 'બસ આપણને વહી લઈ જાય એના બદલામાં આપણે એને એના કાયદા અનુસાર ત્રણ વરસ પછી અડધું ભાડું આપવું જ જોઈએ. ન આપીએ તો એ આપણે ચોરી કરી કહેવાય.'

પણ ખરું કહું તો એ વખતે બાપુની આ શિખામણ સાંભળવાનો, એટલે કે કાને ધરવાનો, કોણ જાણે કેમ પણ હું માત્ર ડોળ જ કરી રહ્યો હતો.

પરંતુ બીજી સવારે તૈયાર થઈને હું તથા નંદા બાપુજી પાસે પૈસા લેવા ગયાં એ વખતે એવી એક વાત બની કે એ ઉપરથી બાપુજીએ કરેલી એક નાનીશી ટકોર, મીણના ગઠ્ઠામાં તીર ખૂંપે એ રીતે, આજ દિવસ સુધી મારા હૃદયમાં ખૂંપી રહી છે !

મેં બસ-ભાડાના પૈસા માગ્યા એ સાથે જ નંદા બોલી ઊઠી : 'બાપુજી ! મારી ટિકિટના (પૈસા) મને આપો.'

આ સાથે જ બાપુજી જાણે કોઈ બૉમ્બ પડ્યો હોય એ રીતે સ્તબ્ધ થઈ ગયા. નંદા ઉપરથી નજર ઉઠાવી, મારી દયા ખાતા હોય એ રીતે મારી સામે જોતાં પૂછ્યું : 'શું સમજ્યો, બેટા ?'

પણ મને એમાં કંઈ સમજ ન પડી એટલે બાપુજી સામે ને નંદા તરફ, એમ હું જોવા લાગ્યો.

બાપુજીએ પૂછ્યું : 'શા માટે નંદા એની ટિકિટના પૈસા પોતે લેવાનો આગ્રહ રાખે છે?'

હું જાણે સમજી ગયો હોઉં તેમ બોલી ઊઠ્યો : 'હાં, બાપુજી...! એને બસની ટિકિટો રમવા જોઈએ છે ને એટલે !'

મારી વાત ન માનતા હોય એ રીતે બાપુજીએ નંદા સામે જોયું.

નંદા બોલી ઊઠી : 'ના બાપુજી, ભાઈ મારી ટિકિટ લેશે જ નહિ !'

બાપુજીએ જરા દુઃખ સાથે મારી સામે જોયું, ને વળી મારી દયા ખાતા હોય એ રીતનું હસ્યા. કહ્યું : 'જોયું ને બેટા ! નંદાને તારો હવે વિશ્વાસ જ નથી પડતો !'

હું તો એવો લજવાઈ ઊઠ્યો કે બાપુજી સામે જોઈ જ ન શક્યો !

અલબત્ત, આ પછી નંદાને સમજાવીને એના પૈસા મને જ આપ્યા. પણ આ સાથે કહેલું વાક્ય એવું તો મારા હૈયામાં ઘર કરી ગયું છે !

ધીર ગંભીર અવાજે બાપુજીએ કહ્યું હતું, 'આમ કરતાં કરતાં જગતમાં તું અવિશ્વાસનાં બીજ વાવતો ન થઈ જાય એ વાત, આજના પ્રસંગ ઉપરથી ખૂબ ધ્યાનમાં રાખજે, બેટા.'

## અધ્યાપન સંકેત

પ્રસ્તુત કૃતિનું અધ્યાપન કરાવતા પહેલા પાઠના વિષયવસ્તુને વાર્તારૂપે સ્પષ્ટ કરવું. ઉત્તમ નાગરિકની ફરજો વિશે સમૂહમાં ચર્ચા કરવી. સાર્વજનિક સાધનો, વાહનો, સંપત્તિ તેમજ નાગરિકોને મળતી સુવિધાઓ વિશે વિદ્યાર્થીઓને જાગૃત કરવા. કોઈપણ અધિકાર મેળવતા પહેલા ફરજ બજાવવી જરૂરી છે તેનું વિસ્તૃત ઉદાહરણસહ સ્પષ્ટીકરણ કરવું. લઘુપ્રશ્નો પૂછીને તેના ઉત્તર મેળવ્યા પછી વિદ્યાર્થીઓને સંતની જગ્યાએ તેઓ પોતે હોય તો શું કરે તેવા વિચાર પ્રેરક પ્રશ્નો પૂછીને તેમની કલ્પનાશક્તિને ગતિ આપવાનો પ્રયત્ન કરવો.

નંદાના પાત્ર બાબત પણ વિદ્યાર્થીને તેમની જગ્યાએ મૂકી વિચારતા કરવા.

બીજાઓનો વિશ્વાસ સંપાદન કરવા માટેની મૂળભૂત શરત 'સત્ય' છે. માટે સત્યને હંમેશા વળગી રહેવાની વાત વિદ્યાર્થીઓના મનમાં દૃઢ કરવી.

## સ્વાધ્યાય

**સ. ૧.** **નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો.**

(૧) અતિથિ (૨) દોસ્ત (૩) રાવ (૪) થેલો

(૫) અશ્રુ (૬) ચક્ષુ (૭) ઉર (૮) ડર

**સ. ૨.** **ઉલટા અર્થ ધરાવતા શબ્દોને યોગ્ય રીતે જોડો :**

| વિભાગ 'અ' | વિભાગ 'બ' |
|---|---|
| (૧) શત્રુ | (અ) દુરાગ્રહ |
| (૨) ભય | (આ) મિત્ર |
| (૩) મહેમાન | (ઇ) નિર્ભય |
| (૪) આગ્રહ | (ઈ) યજમાન |

**સ. ૩.** **આડાઅવળા અક્ષરોને યોગ્ય ક્રમમાં ગોઠવીને અર્થપૂર્ણ શબ્દ બનાવો :**

(૧) ટિ ટ કિ (૨) ર ગા મ હા બ (૩) ર કં ડ ટ ક

(૪) ર દિ બા મં લ (૫) સં સા ભા ર ળ (૬) શ્વા અ વિ સ

**સ. ૪.** **'પણ' પ્રત્યય લગાડી કોઈપણ પાંચ શબ્દ બનાવો : દા.ત. નાનપણ**

**સ. ૫.** **નીચેના રૂઢિપ્રયોગોના અર્થ શબ્દકોશની મદદથી શોધો.**

(૧) ચીઢ ચડવી (૨) વાત ફૂટી જવી (૩) ચુમાઈને બેસી રહેવું

(૪) ટકટકારો શરૂ કરવો (૫) હાથમાં થમાવી દેવી (૬) કાને ન ધરવું

(૭) ડોળ કરવો (૮) હૃદયમાં ખૂંપી જવું (૯) સ્તબ્ધ થઈ જવું

**સ. ૬.** લખો : (૧) સંતની બહેનનું નામ - (૨) બસમાં ટિકિટ આપનાર -

(૩) સંતને વિશ્વાસનું વાવેતર કરવાની શિખામણ આપનાર - (૪) મહેમાનને લઈને પ્રાર્થના મંદિરમાં આવનાર -

(૫) રોજ શાળામાં જતાં ભાઈ-બહેનને ત્રણ આના આપનાર -

**સ. ૭. યોગ્ય વિકલ્પ પસંદ કરી અધૂરાં વિધાન પૂર્ણ કરો.**

(૧) બાપુજીના આ અજાણપણા ઉપર મને _____________
(અ) રડવું આવ્યું (આ) હસવું આવ્યું (ઇ) શરમ આવી

(૨) મારી વાત ન માનતા હોય એ રીતે બાપુજીએ _____________
(અ) નંદા સામે જોયું (આ) બા સામે જોયું (ઇ) મારી સામે જોયું

(૩) નંદાએ બાપુજીને ફરિયાદ કરી, 'ભાઈએ તો બાપુજી _____________'
(અ) મારી ટિકિટ લીધી જ નો'તી (આ) મને બસમાં બેસવા ન દીધી (ઇ) મને ચોકલેટ ખવડાવી

(૪) બાપુજીએ બન્ને બાળકોને તેમના મિત્રની સંસ્થામાં _____________
(અ) કામ કરવા મૂક્યા (આ) રમવા મૂક્યા (ઇ) ભણવા માટે મૂક્યા

**સ. ૮. નીચેનાં વાક્યોને ઘટનાના યોગ્ય ક્રમમાં ગોઠવો :**

(૧) નંદાને ભાઈએ ચોકલેટ ખવડાવવાની વાત કરી.
(૨) પોતાની ટિકિટ લેવા નંદાએ ભાઈને વારંવાર કહ્યું.
(૩) બાપુજીએ પુત્રને નંદાનો વિશ્વાસ ગુમાવી દીધાની વાત કરી.
(૪) ભાઈ-બહેન બાપુજી પાસે પૈસા માગવા ગયા.
(૫) નંદાએ પોતાની ટિકિટ ભાઈએ ન લીધી હોવાની બાપુજીને ફરિયાદ કરી.

**સ. ૯. સમજીને લખો :**

(૧) નંદાની બા ગયા હતાં -
(૨) નંદાની તે વખતની ઉંમર -
(૩) નંદા ભણતી હતી -
(૪) ભાઈ-બહેન શાળામાં સાથે જતા -
(૫) બચપણનો પ્રસંગ કહેતા મહેમાનની તે વખતની ઉંમર -

**સ. ૧૦. 'વિશ્વાસનું વાવેતર' શીર્ષકની યથાર્થતા તમારા શબ્દોમાં સમજાવો.**

**સંભાષણ** ★ તમને યાદ હોય તેવા તમારી શાળાના કોઈપણ એક કાર્યક્રમ કે પ્રસંગ વિશે વર્ગમાં બધાં જ મિત્રો સમૂહમાં ચર્ચા કરો.

**પ્રકલ્પ** ★ જુદાંજુદાં સાર્વજનિક વાહનોનાં ચિત્રો લગાડીને તેની સામે તેનો ઉપયોગ કરતી વખતે ધ્યાનમાં લેવાની બાબતોની નોંધ કરીને એક સુંદર ભીંતપત્રક બનાવીને વર્ગમાં લટકાવો.

## ભાષિક સમજ

★ **પાઠના આધારે યોગ્ય વિશેષણ મૂકો :**

(૧) _______________ મિનિટ થઈ હશે ને આચાર્યશ્રી મહેમાન સાથે આવી પહોંચ્યા.
(૨) મારા પિતા એક _______________ કેળવણીકાર હતાં.
(૩) હું જાણે વધારે _______________ હોઉં એ જાતની મેં બીજી વાત કરી.
(૪) બાપુજીએ _______________ અમને બેઉને સામે બેસાડ્યા.
(૫) બાપુજીએ તો મારી આ _______________ વાત જાણે કાને જ ન ધરી.

★ **યોગ્ય વિરામચિહ્નો મૂકી વાક્ય ફરીથી લખો :**

(૧) મેં કહ્યું લાવો બાપુજી પૈસા
(૨) અરે પણ કંડક્ટર જ નથી માગતો ને
(૩) ભાઈ લે જે હા ટિકિટ મને આપજે હાં ભાઈ
(૪) બાપુજી મારી ટિકિટના પૈસા મને આપો
(૫) હા બાપુજી એને બસની ટિકિટો રમવા જોઈએ છે ને એટલે
(૬) એની ક્યાં ટિકિટ પડે છે બાપુજી

★ **કાળ બદલો : (કૌંસમાંની સૂચના અનુસાર)**

(૧) બસભાડું તથા વાપરવાના પૈસા બા જ મને આપતા.(વર્તમાનકાળ)
(૨) મારી ટિકિટના પૈસા મને આપો. (ભવિષ્યકાળ)
(૩) ભાઈ, મારી ટિકિટ મને આપજે. (ભૂતકાળ)
(૪) નંદા બિચારી ચુમાઈને બેસી રહી.(ભવિષ્યકાળ)
(૫) ભાઈ મારી ટિકિટ લેશે જ નહિ. (ભૂતકાળ)

## હું વાંચું ......... તમે પણ વાંચો.

### વિશ્વાસ

એક આરબની પાસે મજાનો ઘોડો હતો. સુંદર ઘોડો. પાણીદાર ઘોડો.

એ ઘોડો લઈ લેવાની ઇચ્છા એક બીજા માનવીના મનમાં જાગી અને એણે પેલા આરબને કહ્યું કે હું તને એ ઘોડાને બદલે ઊંટ આપું, માગે તો બેચાર ઊંટ આપું પણ મને એ ઘોડો આપ.

આરબે ઘોડો આપવાની સ્પષ્ટ ના કહી.

પેલાને થયું કે આમ સીધેસીધો તો આ ઘોડો મળવાની કોઈ શક્યતા નથી અને મારે તો ઘોડો જોઈએ જ છે તો લાવ કંઈક યુક્તિ જ કરું. અને તે પેલા આરબના માર્ગમાં એક રોગી ફકીર-અશક્ત ફકીર બનીને બેઠો અને ઘોડાવાળા આરબની પ્રતીક્ષા કરવા લાગ્યો.

એક દિવસ એ જ રસ્તેથી પેલો આરબ એના ઘોડા સાથે નીકળ્યો. એને આવતો જોઈને ફકીરે બૂમો મારવા માંડી અને વેદનાભર્યા અવાજે કહેવા લાગ્યો : 'કોઈ દયા કરો મારા પર; હું રોગી છું, મારાથી ચલાતું નથી, મને કોઈ સામે ગામ પહોંચાડવાની મહેરબાની કરો...'

આ સાંભળીને આરબને દયા આવી અને તે બોલ્યો : જો આ ઘોડા પર હું તને સામે ગામ પહોંચાડીશ. આમ કહી પેલા ફકીરને ઘોડા પર બેસાડ્યો અને પોતે નીચે ઉતરી ઘોડા સાથે ચાલવા લાગ્યો. થોડેક ગયા હશે ત્યાં તો પેલો ફકીર ટટ્ટાર બેસી ગયો અને ઘોડાને તગડાવી મૂક્યો. તેની પાછળ પેલા આરબે બૂમ મારી. એને ખુદાના સોગંદ આપી રોક્યો ને કહ્યું : 'જો ભાઈ, આ ઘોડો તું જ લઈ જા. એ હવે તારો થયો. તું તેની સારસંભાળ બરાબર લેજે. પરંતુ આવી રીતે દગો કરીને, ધોખો દઈને વિશ્વાસઘાત કરીને તેં ઘોડો પડાવી લીધો છે, એ વાત કોઈને કરતો નહીં. આ વાત બીજા જાણશે તો લોકોનો ગરીબ પરનો, દુઃખી પરનો, સાધુ-સંત-ફકીર પરનો વિશ્વાસ જ ઊઠી જશે અને જરૂરિયાતવાળાને પણ કોઈ મદદ કરવા નહિ જાય.


આ સાંભળતાં જ પેલાનો આત્મા જાગ્યો અને ઘોડો પાછો આપીને ચાલી ગયો.

– રંભાબેન ગાંધી

8QVUH9

અતૂટ વિશ્વાસ સાચા પ્રેમની સાબિતી છે.

★ નીચેના ચિત્રનું નિરીક્ષણ કરીને વર્ણન કરો.



# સમાસ

★ **વાંચો અને વિચારો :**

(૧) દાદાદાદી - દાદા અને દાદી

(૨) લાભાલાભ - લાભ કે અલાભ

(૩) નામઠામ - નામઠામ વગેરે

(૪) પંચામૃત - પાંચ અમૃતનો સમૂહ

(૫) ઘોડાગાડી - ઘોડા વડે ચાલતી ગાડી

(૬) ચોમાસું - ચાર માસનો સમૂહ

- ઉપરના શબ્દો વાંચતાં ધ્યાનમાં આવે છે કે દરેક શબ્દમાં બે કે વધુ પદો છે. તેમની વચ્ચેનો સંબંધ જુદો છે અને એ પદોને જોડાવાની રીત પણ જુદી છે. યાદ રાખો એકબીજા સાથે સંબંધિત બે વધારે પદો ભેગા થવાથી બનતા સ્વતંત્ર પદને 'સમાસ' - 'સામાસિક શબ્દ' કહે છે.

★ **યાદ રાખો :**

- સામાસિક શબ્દના પદોને છૂટાં પાડી તેમની વચ્ચેનો સંબંધ દર્શાવાની રીતને સમાસનો વિગ્રહ કહેવાય છે.

★ **સામાસિક શબ્દના પદો વિશે સામાન્ય સમજ.**

- પહેલા પદને પૂર્વપદ અને બીજા પદને ઉત્તરપદ કહેવાય.
- બંને પદ સરખા મહત્ત્વના - દા.ત. દાદાદાદી - દાદા અને દાદી.
- બંને પદ ગૌણ - ત્રીજા પદ પર આધારિત. દા.ત. ઘોડાગાડી - ઘોડા વડે ચાલતી ગાડી.
- પૂર્વપદ સંખ્યાવાચક વિશેષણ - સમૂહનો અર્થ - ચોમાસું - ચાર માસનો સમૂહ.

આ વર્ષે દ્વન્દ્વ સમાસ, દ્વિગુ સમાસ અને મધ્યમપદલોપી સમાસ વિશે શીખવાનું છે.

(૧) **દ્વન્દ્વ સમાસ :**

દ્વન્દ્વ એટલે જોડકું - સરખા મહત્ત્વના શબ્દોનું જોડકું - દ્વન્દ્વ સમાસ.

**વિચારો :**

(૧) ભાઈબહેન - ભાઈ અને બહેન

(૨) જયપરાજય - જય કે પરાજય

(૨) ભૂલચૂક - ભૂલચૂક વગેરે

★ **યાદ રાખો :**

- દ્વન્દ્વ સમાસના શબ્દોના પદોનો વિગ્રહ એકસરખી રીતે થતો નથી.
- વિગ્રહ થાય તેના પરથી દ્વન્દ્વ સમાસના પેટા પ્રકાર પડે છે.

દા.ત. (૧) ભાઈ અને બહેન 'અને' ઈતરેતર દ્વન્દ્વ સમાસ

(૨) જય કે પરાજય - 'કે' વૈકલ્પિક દ્વન્દ્વ સમાસ

(૩) ભૂલચૂક વગેરે - 'વગેરે' સમાહાર દ્વન્દ્વ સમાસ


(૨) **દ્વિગુ સમાસ :**

પૂર્વ પદ સંખ્યાવાચક વિશેષણ હોય અને આખો સમાસ સૂમહનો અર્થ દર્શાવે તેને દ્વિગુ સમાસ કહેવાય.

દા.ત. (૧) ત્રિભુવન - ત્રણ ભુવનનો સમૂહ (૨) પંચપાત્ર - પાંચ પાત્રનો સમૂહ

(૩) નવરાત્રિ - નવ રાત્રિનો સમૂહ

(૩) **મધ્યમપદ લોપી સમાસ :**



વચ્ચેના પદનું લોપ થવું તે મધ્યમપદ લોપી સમાસ. લોપ થયેલા પદને વિગ્રહ કરતી વખતે મૂકવામાં આવે છે.

દા.ત. (૧) સિંહાસન - સિંહની આકૃતિવાળું આસન (૨) ગજગામિની - ગજ જેવી ગતિવાળી સ્ત્રી

(૩) ગોળધાણા - ગોળમાં ભેળવેલા ધાણા.

## સ્વાધ્યાય

સ. ૧. **સમાસનો વિગ્રહ કરી પ્રકાર ઓળખો.**

(૧) ત્રિમૂર્તિ (૨) પાંચપચીસ (૩) નીતિરીતિ (૪) હવાપાણી

(૫) પંચામૃત (૬) મધમાખી (૭) ચાંદોસૂરજ (૮) આગબોટ

સ. ૨. **વિગ્રહ પરથી સામાસિક શબ્દ બનાવો :**

(૧) ઓછું કે વત્તું (૨) પાંચ વડનો સમૂહ (૩) ઇચ્છા પૂરી કરનાર ધેનુ

(૪) શત્રુ અને મિત્ર (૫) સુખ કે દુ:ખ (૬) દાણો પાણી વગેરે

સ. ૩. **યોગ્ય રીતે જોડીને અર્થપૂર્ણ સામાસિક શબ્દ બનાવીને લખો. તેનો વિગ્રહ કરો અને પ્રકાર ઓળખો :**

| 'અ' વિભાગ | 'બ' વિભાગ | શબ્દ | વિગ્રહ | પ્રકાર |
|---|---|---|---|---|
| (૧) રાધા | (અ) તોટો | | | |
| (૨) ષટ્ | (આ) વૃક્ષ | | | |
| (૩) શાક | (ઇ) કૃષ્ણ | | | |
| (૪) કલ્પ | (ઈ) દર્શન | | | |
| (૫) નફો | (ઉ) ભાજી | | | |